કનક-તારા.

આવૃત્તિ ૬ ઠ્ઠી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુંબઇ ગુજરાતી નાટક મંડળી,

મુંબઇ:

ધી રાઇઝીંગ સ્ટાર પ્રિન્ટીંગ પ્રેસના માલેક

અલીભાઇ દાઉદખાંન

અબદુલકાદર ઇબ્રાહીમની કુંપનીએ

છાપ્યા છે.

સને ૧૯૦૪ સંવત ૧૯૬૦

કીંમત રૂ. ૦-૨-૦

પાત્રો.

ઉદયસિંહ..............કનકપુરીનો રાજા

દીપચંદ.................કનકપુરીનો નગરશેઠ

ક્રૂરસિંહ ....ઉદયસિંહનો પિત્રાઈ

ંદ.... ....તેનો મિત્ર

મુસ્તફાખાન.............એક સીપાઈ

કનક....................ઉદયસિંહનો પુત્ર

જાલમસિંહ }
માનસિંહ } ....બે રજપૂતો

વિજયસિંહ...............રત્નપુરીનો રા. ઉદયસિંહનો મિત્ર

રામસિંહ.................એક રજપુત વિજયસિંહનો સંબંધી

માધવ...................તેનો મોટો પુત્ર

ગુણસેન..................રામસિંહની નવી સ્ત્રી પુતર

કમળા....................ઉદયસિંહની સ્ત્રી

તારા......................તેની પુત્રી

ચપળા.... ....રામસિંહની સ્ત્રી

ગા સરદાર, તેની મા, આચાર્યો, તેની સ્ત્રી

ર, વારાંગનાઓ, સાધુઓ, વગેરે.

નાટકનો સાર.

અંક ૧ લો.

કનકપુરી શહેરના મહારાજા ઉદયસિંહના રાજ્યમાં ક્રૂરસિંહ નામનો તેનો પિત્રાઈ અતિશય જુલમ કરતો હતો. ઉદયને ખબર થતાં તેને ન્યાયાસન આગળ ઉભો કરવાનો હુકમ કર્યો. ક્રૂર કાળની પેઠે છેડાયલા ક્રૂરસિંહે અભયસિંહ નામના પોતાના એક મિત્ર તથા મુસ્તફાખાન નામના એક લાલચુ સિપાઈની મદદ લઈ ઉદયસિંહ તથા તેના પ્રધાન મંડળનાં ખુન કર્યા, રાણીને કેદ કરી અને કનક અને તારા નામનાં ઉદયસિંહનાં બે બાળકોને, રાણી તેના કહ્યાં પ્રમાણે ન ચાલતાં, એકદમ મારી નાંખવાનો હુકમ કર્યો. માતા અને ભાઈબેન હૃદય ભેદક વિલાપ સાથે છૂટાં પડતાં અને તેજ પળે રાણી મહેલની બારીમાંથી પાછળના દરિયામાં પડી, તેને કેટલાક ખારવાઓએ બચાવી, કનક અને તારાનું ખૂન કરવા આવનાર લાલચુ પણ ભલા દિલના મુસ્તફાને તેમની તરફથી કંઈ વધારે લાલચ મળતાં તેણે તેમને છોડી દીધા વનમાં એકલાં પડેલાં ભાઈબેન સાથે ભટકતાં કનકને પગમાં કાંટો લાગ્યો તારાએ તે કાઢ્યો. ભાઈને સુખ થવા કંઈ ગાવા માંડ્યું, તેટલામાં ભુખી તરસી, થાકી ગયેલી બીચારી તે ઉંઘી ગઈ. કનક ઉઠયો. બેન ભૂખી હતી તેને સારૂ કંઈ ખાવાનું લેવા ગયો, તેટલામાં માહાકાળીનો ભગત કોઈ લૂટારો બિચારી તારાને લઈ ગયા.

———:o:———

અંક ૨ જો.

ઉદયસિંહના ખૂનની ખબર તેના મિત્ર રત્નપુરીના રાજા વિજયસિંહને પડતાંજ તે મોટું લશ્કર લઈ ચડી આવ્યો. પણ રસ્તામાં તેના તળુમાં તેજ લૂટારા લૂટ મારે ગયા. તાંજોરા લૂટવામાં ન ફાવતાં રાજાના પોતાનાજ શરીર ઉપર આફત પડશે જોઈ તેનજ લઈ પલાર થયા.

બારવટીઆઓને હાથે પડેલી રાણી તેના શેઠ ચાંચીયાના હાથમાં કેદ પડી. તેણે તેની ઉપર ઘણોજ જુલમ કર્યો પણ અંતે તેનીજ સ્ત્રીએ લાગ જોઇ એક દિવસ રાણીને નસાડી મૂકી. એકલી પડેલી બાળકોને યાદ કરતી દુઃખી રાણી થાકેલી ભૂખી એક જંગલમાં સુતી હતી તે વખતે એક વાઘે તેની ઉપર તરાપ મારી. આજ પળે રત્નપુરીના રાજા વિજયસિંહના સંબંધી રામસિંહ નામના એક રજપૂતે એ વાઘને ઠાર કરી રાણીને બચાવી; પોતાને એક પુત્ર જેની મા મરણ પામી હતી અને જે તેની સાવકી માથી દુઃખી થતો હતો. તેની સંભાળ રાખવા તેને લઇ ગયો.

બેન ખોવાયાથી એકલો પડેલો કનક સંતાપ કરતો રખડતો જંગલમાં ભૂલો પડ્યો. અંતે એક સાધુનો સંઘ તેને મળ્યો તેણે તેને એક શહેરનો રસ્તો બતાવ્યો અહિં જતાં દરવાજામાં પેસતાંજ તેને એક સિપાઇએ પકડી રાજ્ય દરબારમાં હાજર કર્યો રાજાના પ્રધાને તેનું નામ ઠામ પુછ્યું જે આપતાંજ સર્વ આશ્ચર્ય પામ્યા. કનકને જણાયું કે એ રાજ્ય તે તેના પિતાના મિત્ર વિજયસિંહનુંજ હતું કનકે પોતાના વિજય કાકાને મળવા મરજી જણાવી પણ પ્રધાને દિલગીરી સાથે ખબર આપી કે વિજયસિંહ તો તમારી જ મદદે આવતાં એકાએક ગૂમ થયા હતા અને તેનો આજ સુધી પત્તો ન હોવાથી આજે શહેરમાં જે પેહેલો દાખલ થાય તેને રાજ્ય આપવાનો નિશ્ચય આ સભાએ કર્યો છે. વિજયસિંહનો વારસ કનકજ અને શેહેરમાં પેહેલો દાખલ પણ કનકજ થયો તેથી સર્વે ખુશી થયા અને કનકને ગાદી ઉપર બેશવા વિનતી કરી પેહેલાં તો તેણે ના કહી પણ પછી સર્વેના આગ્રહથી રાજ્યસત્તા હાથમાં લેતાંજ તેણે વિજયસિંહનો શોધ જારી રાખવાનો હુકમ કર્યો.

અંક ૩ જો.

કાળીચોદસની ભયંકર રાત્રે બાર વાગતાને સુમારે તારાનું હરણ કરનાર માતાનો ભગત તેનો ભોગ આપવા તૈયારી કરતો હતો તેટલામાં તેના હાથે ત્યાંજ કેદમાં પડેલો વિજયસિંહ એકાએક છૂટ્યો. છૂટતાંજ

તેણે ચોકી કરનારા લૂટારાઓને બાંધ્યા અને તેમના સરદારની શોધ માં ગયો. તેને ખબર પડી કે તે કોઇ માણસનો ભોગ આપવા મહા કાળીના મંદીરમાં ગયો છે તેથી તેણે મંદીર શોધવા માંડ્યું. ઘણી શોધ પછી મંદીર મળતાં તેણે ત્યાં તારાને લૂટારાના હાથમાં સપડાયે લી માતા પાસે ધુંટણીએ પડેલી જોઇ. માતાના ભોગ માટે બિચારી તારા ઉપર તરવાર ઉપાડતાંજ વિજયસિંહ તેની મદદે ધાયો અને લૂટારાને મારી તારાને છૂટી કરી. બહાવરી બનેલી બાળાને તે ઓળખી શકયો નહીં પણ જ્યારે પૂછતાં બેવને પરસ્પરની ઓળખાણ પડી ત્યારે તે બેઉજણ પોષાક બદલાવી લઇ ત્યાંથી ઉદયસિંહની રાજધાની તરફ રાણી તથા કનકનું શું થયું તે જોવા ગયાં

રામસિંહ, રાણીને પોતાને ત્યાં લઇ ગયો હતો તેની સ્ત્રી અદેખી હોઇને પોતાની શોકના છોકરા માધવને બદલે પોતાના છોકરાને રામસિંહ નો સર્વ વારસો મળે એમ ઇચ્છતી હતી. આ ઉપરથી તેણે માધવને ઝેર આપ્યું અને તે દાસીને રૂપે રહેલી રાણી ઉપર ઢોળી પાડ્યું. રામસિંહ વિજયસિંહના મામાનો છોકરો હતો અને તેનાજ રાજ્યના કોઇ ગામમાં રહેતો હતો તેથી તેની તપાસ હજુર કોર્ટમાં હમણાં ગાદીએ બેઠેલા કનક પાસે ચાલી. મા અને પુત્ર એક બીજાની આ બદલયેલી સ્થિતિમાં પરસ્પર ઓળખી શકયાં નહિ અંતે રાણી નિર્દોષ ઠરી જેણે રામસિંહની સ્ત્રી માટે કોરટ પાસેથી દયા માગતાં કનકે તેને તેનું વૃત્તાંત પૂછ્યું. ધીરજથી, દુઃખી થતી તે સંભળાવતી હતી તેજ વખતે કનક આશ્ચર્ય સાથે તેની તરફ વધારે અને વધારે ખેંચા તો હતો. અંતે ઓળખાણ પૂરી પડી. માતાના મોઢાંમાંથી કનક નામ નીકળ્યું અને કનક તેને જઇ ભેટી પડયો. બીજેજ દીવસે વડિલો નું વેર વાળવા અને વિજયસિંહ અને તારાને શોધવા કનક માતા સાથે ત્યાંથી નીકળ્યો. છુપા પોષાકમાં લુટારાના હાથમાંથી છૂટેલાં વિજયસિંહ તથા તારા ઉદયસિંહના શહેરમાં આવ્યાં. ત્યાં તેમને કનકના આવવાના ખબર મળ્યા. તારાને કોઇની સંભાળમાં મૂકી વિજયસિંહ લડાઇના મેદાનમાં ગયો અહિં કનક તથા કૂરસિંહ વચ્ચે યુધ્ધ શરૂ થયું. ત્યાં આગળથી કરેલા પ્રપંચ પ્રમાણે કનકને દગાથી મારવા અભયસિંહે તરવાર ઉપાડી, સાધુના વેશમાં રહેલા વિજયે આ

જોયું, તેજ વખતે તેને પિસ્તોલથી ઘાયલ કર્યો અને ક્રૂરસિંહનું લશ્કર એકાએક નાસતાં ક્રૂરસિંહને કેદ કર્યો. કનકે પોતાની મદદે આવનાર આ સાધુ તરફ જોયું તેજ પળે તેણે પોતાનો સાધુનો પોશાક ઉતારી નાંખ્યો. તેનાં માણસે તેને ઓળખ્યો, કનક તરત પગમાં પડયો. વિજયે તેને શાબાશી આપી. તારાને બોલાવી. ભાઈબેન મળ્યાં એને માને યાદ કરી, જે પણ ત્યાં આવી પહોંચી સર્વ મળ્યાં. કનકને તાજ પહેરાવ્યું. રાજ્યમાતાની દયાથી ક્રૂરસિંહ છૂટો થયો. તેણે પોતાની ચાલ માટે પસ્તાવો કર્યો અને રાજ્યમાતા તથા કનકના પગમાં પડી તેમની માફ માંગી.



કનક—તારા

અંક ૧ લો.

દરબારીઓ - ૧

સનનનનન વરસે ફોર ફોર
નીડર મન ધડકે ડર લાગે અરિ મનમાંહી
ગરજે ધનનન—સન૦
ઉદયસિંહ મહારાજ ચરણમાં ગાય બજાવે સેવક સઘળા,
સાનીસાનીસા નીધનીધપ ધપધપમ પમપમગ મગમગરે
સાનીધપમગરેસા સા રે સા સારે ગસા સાનીધપમગરેસા.
ધીતર કિટતિક તકધુમ કિટિતક ધિત્તા ધિત્તા
તકધિડાનકિડ નતટિટ ધિનકિટ ધાધાધા ધાધાધા ધાધાધા
મૃદંગ રંગ તાર જોર—સ૦

વારાંગનાઓ— ૨

બિરાજો રાજેજી રાજાધિરાજ અચલ રહો અમપર શ્રી મહારાજ.
દયાન્યાયનું જે છે શુધ્ધ સ્વરૂપ છે સાક્ષાત ધર્મની મુર્તીએ ભૂપ.
પ્રજા જનના જે છે પાલક તાત, પ્રજા પીડ હરવામાં રહે રળીયાત,
નમે દેશ દેશના રાજા પદે, અહંકાર તોયે ન ધારે રૂદે.

વિદુષક— ૩

સાંભળો સાહેબ અજબ તડાકા અમલ બમલને છોડી,
ટટ્ટુ મારો ત્રણ ભૂવનમાં કેવો જાય છે દોડી!
ઝીનું પોતીયું બાંધી પેટપર ખાધા લાડુ પચાવું,
ચૌટા વચ્ચે ચોરે બેસી ઝીભડી ખૂબ નચાવું.
કજીયાને કંકાસતણી જો થાય કદાપિ મરજી,
બ્રહ્માએ તો પછી કયાં જગમાં નથી બાયડી સરજી?
એક વચન કડવું કહેતામાં વાગે સામી લાત.
લડાઇ લાગે જોયા જેવી, ન પૂછની વધુ વાત.
ચટપટ ચાલે ગોટપીટ બોલે ખટપટ કરવી સહેલી,
મારૂં માનો તો એવાને કરો દૂર હડસેલી.
કરો ન્યાય રાજાજી મારો હું સારો કે એવા?
જુઓ તપાસી છે એવાને મારા જેવા હેવા?

ઉદયસિંહ— ૪

અરે અન્યાયે આ રીતે કદાપી રાજ્ય આ ચાલે,
પછી સંપેથી રહેજો કેમ મારૂં રાજ્ય આ ચાલે ?
પ્રજા રીબાય દુઃખી થાય, જુલમી ક્રૂરથી પીડાય,
મળે નહીં ન્યાય ત્યારે કેમ મારૂં રાજ્ય આ ચાલે ! અરે૦
પ્રજા મારી રિબાવું છું, મુંઝાવું કે સતાવું છું,
નહીં લઊં દાદ તેની, કેમ મારૂં રાજ્ય આ ચાલે ! અરે૦

ક્રૂરસિંહ— ૫

આજ છે સુખદ દીન બહુ મુજનો રાતની દશા છે મારીરે !
સર્વ પડે છે સઘળા પાસા ઇચ્છા સફળ થનારીરે !
રાજ્યમુકૂટ ધરિ શિરપર, કરશું ઉદયનારીને પ્યારીરે ! આજ.

સુરતફાખાન— ૬

પેસા પેસા પેસા તેરી અજબ બની બલીહારી!
સબી જહાંમે પેસા સબપર કરતાં તું સરદારી!
તેરે બિના ન ચલે કાસીંકા તેરી સુરત પ્યારી
તેરી ખાતર હમને સરપર ઉઠાઇ યે દુશવારી.
પેસેવાલે ખુબ સુરત ! બિન પેસેવાલે મૂરખ !
અયે બારેતઆલા તેરી અજબ બની હએ કુદરત !
પેસેવાલેકી સબી કરતે તાબેદારી.

કમળા— ૭

જગતની ઘટના છે બહુ ન્યારી, કરતાં વિચાર મતી જાયછે હારી; જ૦
પામે સુખ બહુ પાપી જનોને પીડાય સદગુણી જે નરનારી; જ૦
સમજાય નહીં કંઇ કે પ્રભૂ ન્યાયી આમ હશે કરતો શું વિચારી ? જ૦

કનક— ૮

સ્વારી કરી ચાલાક અશ્વપર ખૂબ નચાવી થનનનનન.
પડી શત્રૂમાં તૂટી દેવી ધરતી ધ્રૂજાવી ધનનનનન
સાંધી ધનુષપર બાણ છોડવું શત્રૂ છાતીપર છનનનનન.
કાં તન ચીરી કરવા કટકા સાંગ ફેરવી ખનનનનન.
યુદ્ધ સમે તલવાર ઘસાઇ સ્હોર ઉઠે જવ તનનનનન.
ભેરી નફેરી બુંગળ વાગે અબ્દ ઝાંઝના ઝનનનનન.
શૂરવીર ધીર ધરી દોડે રણમાં બાણુ જાય જાયમ સનનનનન.
કાયર નાસે જઇ ખખડાવા કાંબી કડલાં કનનનનન.

પરાક્રમીનું તેજ દેખીને શત્રૂ નસે ભનનનનન.
વિજયવંત શૂરવીર નર જશ ઇદે ડંકે ધા ધનનનનન.

ઉદયસિંહ— ૯

સુંદર પ્રિય જો બાળકોને આ સ્થળ રમતાં મન ગમતાં,
સુંદર સમ કરે શાંતિ મન અંતર સુંદર૦
ન અંતર સુખકર એ સમું રે ચાહે સહુએ ન અમંગળ શુભ મંગળ; સું૦
જાણું તું સુરંગી ભમી કુરંગી ! પ્રાણ ન શરીરતણા છે બીજા;
એટે વ્હાલે બહુ મ્હાલે ને ગાળે દિનબાળેશ, જન મનહરખિ પ્રાણ !
પ્રિય ઉપકાર પ્રભુએ અપાર છે કીધો આપણા પર, વંદિને તેને; સું૦

તારા— ૧૦

માતા પિતા થાઓ ઉદાસી શું કામ ? રહેવાય ન અમથી છોડો તમેહામ;
આવે બહુ સંકટ ધીર વીરપર, ધરે નહીં અંતર એ જરી ડર
કરે દુઃખક્ષતીને માટે ઉપાય અંતે એનો જગત વિષે જય થાય
પ્રપંચને પોહોંચવું એ નરનું કામ, માટે શોક છોડીને પામો વિરામ

કનક— ૧૧

બાપુ સોંપો મને શોધી કહાડું એ નીચ ખૂનીને આ સમે.
કરી ખુન જશે દુર કયાં નાસી ! રેહેશે કેમ છુપાઇ નરકવાસી !
જશે આપણી શું એ કરી હાંસી ? બાપુ૦
કરી ખૂન છે દુષ્ટ ગયો છટકી, શોધી કહાડીશ રાત દીવસ ભટકી,
દઇશ આપ ચરણ પાસે પટકી. બાપુ૦

કમળા— ૧૨

પહોડો પિયુજી પ્રાણ મારા શાંત થઇ આચાર મીઠી નિદ્રા મોઝાર
વીતી ગઇ મધ્ય રાત આ વાતમાં આધાર, ચિંતા તજો ભરથાર.
પ્રેમે પહોઢું વાય છું વાયુ ઢોળું સુખકાર, સુખ પામો હેમા હાર.
હરશે બધી ચિંતા કૃપાળુ જે છે જગકરતાર આનંદ થશે અપાર.

નેપથ્યમાંથી ૧૩

જો જાય છે ઉડી ઉડી નિશા ધીમે વીતી.
તારા તણાં તેજે લીધું અધારાંને જીતી.
મધુર કંઠ સાથે મળી ઝીણા વીણા સુર.
કાને પડી મનને કરે હર્ષથકી ભરપુર.
સુતાં છે પ્રાણી સર્વ શાંતિપર ધરી પ્રીતી. તારા૦

કમળા— ૪

પ્રભુ આ શા કર્યો તેં કોપ હર્યાં પ્રાણુ માહરા.
નાખ્યા અગ્નીની ઝાળમાં ઝટ ન રાખી દયા જરા.
ક્યાં પુર્વ જનમનાં પાપ હશે મારાં પ્રગટીયાં!
ગયા નાથ અને બંને બાળ હુંથી વિખુટાં થયાં
હાય ઓચિંતી વિપત અપાર આવી પડી શિરપરે,
પાપી પ્રાણુ તથાપી ન કેમ હજી દેહ પર હરે,

ક્રુરસિંહ— ૫

આ જગમાં સુખ ભોગવવાની કદી હોય મરજી તારી
નમીને ગમીને રમીને જમીને ખાતા ભોજન થા પ્રિય મારી
બહુ આતુર છું મળવા તુજને પણ તું મુજને પ્રીતી વારી.
હસીને ધસીને રસને ચુમીને ખસી ના જાતી પ્રિય નારી
તુજને વૈભવ પ્રેમ માહરો ને આ રાજ્ય લક્ષ્મી સારી
મળશે ભળશે, બળશે ટળશે તાપ આપણા પ્રિય પ્યારી.

કમળા— ૬

પાપી ચૂપ પાપી ચૂપ પાપી ચૂપરે.
ઓ નાદાન ભુલીભાન છોડી માન તજી જ્ઞાન કરે મુજ અપમાન
છોડ તું ગુમાન કંઇ છે તારાં તમા ન નહીં જાન તું હેવાન
તારો લેત હુતો જાન પણ છું બહુ હેરાન પાપી.

ક્રુરસિંહ— ૧૭

ઓ મધુર નાર કર કંઇ વિચાર
જરિ સમજી સાર અંતર ઉતાર
ઓ જીવનહાર મુજ વિનતિ સમજ. ઓ૦
નહી છુટીશ ધાર મનમાં લગાર, હઠથકી અપાર તું થઇશજ ખુવાર
દે મધુરી પ્યાર જરા સમજ સમજ. ઓ૦

કમળા— ૧૮

આમ મને શીદ પાપી સતાવે?
દિલમહીં લેશ દયા કેમ નાવે? આમ!
બાળકને નિજ સ્વાધીન લઇને ભય દેખાડી મને શું રીબાવે! દિલ૦
તજ ક્રૂરતા તજ નીચપણું તું પ્રભુ તુજ મન કરુણા ઉપજાવે દિલ૦

૨૪૩૬

કનક—

૯

હવે સમજ્યો હું બધી વાત, પાપી લઇશ પ્રાણ તારારે
માંડ્યો છે તેં અનહદ ઉતપાત, પાપી૦
શું તું મુજને ગણે છે બાળ ! પાપી૦
પણ છું હું તારે કાળ. પાપી૦
માર્યા કપટ કરી મુજ તાત, પાપી૦
વળી કેદ કરી મુજ માત; પાપી૦
એને આપે તું દુઃખ અપાર, પાપી૦
ધારે છે શું તું એને નીરાધાર ! પાપી૦
છે આ દેહમાં જ્યાં લગી પ્રાણ, પાપી૦
નહીં બચવા તું નીરવાણ; પાપી૦

૨૦

કમળા હાય થશે શું હરી હવે કરવા માંડ્યો શો કેરજી !
કેવળ છોડી દઇ દયા પાપી વરસાવે એરજી
અરેરે વ્હાલાં મારાં બાળુડાં.

તારા—કરશો રડીને શું માવડી ! છે પાપી બહુ ક્રૂરજી,
નહીં આવે દિલમાં એને દયા, થઇએ આપણે દૂરજી.
છાનાં રહો તમે માવડી

કનક—શાંત રહો તમે આ સમે માજી છોડો કલપાંતજી,
કોણ બચાવશે એહને જેનો આવ્યો હોય અંતજી !
છાનાં રહો તમે માવડી.

કમળા—દુઃખ મહીં દુઃખ અધીકું પડે મારાં ફુલ કરમાયજી,
પાપી બાળકને મારશે મુજથી કેમ એ સહેવાયજી ?
અરેરે વ્હાલાં મારાં બાળુડાં.

તારા—લખ્યા લેખ ટાળ્યા નહીં ટળે મરવું નિશ્ચે છે માતજી,
મળશું માજી હવે સ્વર્ગમાં તમે છોડો કલપાંતજી,
છાનાં રહો તમે માવડી.

કનક—દુઃખના દિવસ હવે આવીઆ, થયાં દૂર સહુ સુખજી,
શિદ ધરીએ મરતાં હવે માજી મનમહીં દુઃખજી ?
છાનાં રહો તમે માવડી.

કમળા—પ્રાણપતી સ્વર્ગે ગયા, મરે વિના મોતે બાળજી !
પાપ નડયાં મારાં સર્વને આવ્યો નહીં મુજ કાળજી !
અરેરે વ્હાલાં મારા બાળુડાં.

તારા—રોઇ રોઇ રાતી આંખડી ભીંજ્યાં આંસુડે ચીરજી,
શાંત હવે થાઓ માવડી નેણે નહીં ભરો નીરજી.
છાનાં રહો તમ માવડા.

કનક—હાય ફસાવ્યો પાપીએ બાંધ્યું કપટે બંધનજી;
સાંભળી રહેવું મારે પડે મા ને બ્હેનનું રૂદનજી
છાનાં રહો બ્હેની માવડી.

ભીમ—

૨૧

પૈસા મારા વ્હાલા ભાઇ હો પૈ૦
સાચી છે તારી સગાઇ જગતમાં બીજી બધી છે ઠગાઇ. પૈ૦
તારા વિનાનો મુજને લાગે સંઘો સુનો સંસાર,
સઘળો તારા ઉપર મારો જીવવાનો આધાર પૈ૦
તું છે મારો પરમેશ્વર ને હું છું તારો દાસ,
મરતાં પણ હું બાંધીશ ગળે ત્યારે થાશે હાશ. પૈ૦

ખારવાઓ—

૨૨

મારો હલેસાં જલદી ચલાવો વાટ રહી થોડી,
આજ થઇ છે ખુશી ખુશાલી માલે ભરી હોડી
લાવ્યા સાચું સોનું રૂપું વ્હાણુ લુટી ભાઇ,
સહેલી ને વળી સહુથી સારી આપણી કમાઇ.
લ્હેર કરતાં મચ્છી ભરતા ગામ તરફ ચાલો,
કોઇ તણી નથી બ્હીક જરા પણ છૂટ થકી મ્હાલો.
આપણે નાંખ્યું છે બળ પૂરૂં દુશ્મનનું તોડી. આજ૦

૨૩

તારા—ઓ જગદીશ આવો કેમ ગજબ તેં ગુજાર્યો !
કપટે પાપીએ રે હાય ! તાત અમારો માર્યો. ઓ૦
વિખૂટાં માતથી કીધાં દુઃખી છે માત પૂરી,
દયા છોડી પ્રભુજી કોપ આવો કેમ ઉતાર્યો ? ઓ૦
ફસાવ્યાં હાથમાં પાપીના બન્ને બ્હેન ભાઇ,
અમે મરશું છતાં નહી પ્રેમ તારો તેં સંભાર્યો ! ઓ૦

કનક અને તારા— ૨૪

માન માન વિચાર લગાર આગ્રહ ઉતાર ધ્યાન ધ્યાન
ભૂલી જા નહીં તું ભાન ધરતું દયા,
લે નહીં અમારા જાન કરતું દયા.
જનમ મરણ સરવને શિર ધરને ચિર ધર મને ધિર.
થા દયાળુ તો મયાળુ પ્રભુજી થશે રાજી; આપ પ્રાણદાન. મા૦

કનક અને તારા— ૨૫

અંતેથી નમી તને અંતે વીનવીએ,
દયાવાન દયાવાન દયાવાન દયાવાન, સ્હાય સ્હાય સ્હાય સ્હાય.
દયાહીન થયો ક્રૂર ખેંચી લાવ્યો અહીં દૂર,
કપટેથી મગરૂર થઇ ઝેરે ભરપૂર,
પ્રાણ લશે એ જરૂર દયા નહીં ધારે ઉર,
તજી આ તોફાની પૂર આવીએ તારી હજુર.
શરણે બન્ને છઇએ તારે, તું જ મારે કે ઉગારે,
અથવા પાપોને સંહારે કરીને ભવ સાગરથી તારે—
સ્હાય સ્હાય સ્હાય સ્હાય.

તારા— ૨૬

ઠંડી આ લ્હેકી વાયુની ધીમે ધીમે વાતી.
રૂડી આ વૃક્ષના હસ્તો ઘટાવાળી સોહાતી! ઠંડી૦
કુદરતે આ લીલો છમ છે ગાલીચો શો બીછાવ્યો?
મનોહર વેલીઓ નિરખી રૂડાં ઝાડો લોભાતી. ઠંડી૦
ધીરે ધીરે ગગનમાં વાદળી છૂટી છવાતી.
સુખદ એ જોઇ સર્વે તુજ પીડા જાશે સમાતી. ઠંડી૦

કનક— ૨૭

દશા આ શી થઇ મારી! કરમની છે ગતી ન્યારી! દશા૦
રમતાં રાજમહેલમાં, વસતાં સુખમોઝાર,
સેવામાં હાજર હતાં દાસી દાસ હજાર.
ભોગવી આજ લાચારી, પડ્યો વનમાં હું આજારી. દશા૦
ફુલશૈયા પણ જેહને કઠણ લાગતી સ્હેજ,
સુતી છે પત્થરતણી ધરતી ઉપર એજ,
માહારાજાની કુમારી દુ:ખી છે બ્હેન મુજ પ્યારી. દશા૦

તરસ્યાં ભૂખ્યાંને અમે દેતાં પાણી અન,
ટળવળીએ આ વનવિષે ભૂખ્યાં વિણ ભોજન,
પીવા મળતું નથી વારી (પાણી) રહુ કેમ ધ ર હું ધારી દ૦

લુટારો-- ૨૮

મોટા શેઠ શાહુકાર લુટી કરું છું ખુવાર હું લુટારાનો સરદાર મરજીથી
મારે જંગો જીતનાર શૂરામાં ગણાવનાર એવાઓને કરું ઠાર મરજીથી
નથી કોઇની દરકાર જાહેર રાતે અપાર મેળવ્યો છે પૈસો ભાર મરજીથી
માજીની છે પારાવાર કૃપા હું પરે નીરધાર વરતાવે જયજયકાર મરજીથી
છે નહિં ડર કંઇ અંતર સેવક લાખ શૂરવિર નર,
છે આધાર સહુ હું પર આપે માન સહુ દિનભર
એ આપેજ છે નીરધાર માતાજી કરો આધાર. હું૦

—— :o: ——

અંક ૨ જો.

લુટારો ૨૯

દુનીયામાં યાર ગરીબ સરદાર પૈસાનો પ્યાર છે સૌને અપાર
દિલમાં ન ચેન પડે દિનરેન પૈસા વિના લગાર.
એ પૈસાથી મુર્ખ બને વિદવાન પામે ન પંડિત એવિણ માન
છે દુનીયાં સાંચાની પૈસા કમાન. વાહ પૈસા પૈસા !
વાહ વાહ પૈસા પૈસા ! આહ ! પૈસા પૈસા
દુનીયામાં પૈસો છે સૌનો સરદાર. આહ ! પૈસા પૈસા.

વિજયસિંહ— ૩૦

ગયો કયાં મિત્ર મારો હાયરે પ્યારો ?
મુઝાયે છે બહુ દુઃખેથી જીવ મારો. ગયો૦
દુઃખી છે મિત્રનાં નારી અને બાળો,
બચાવું ત્યાં સુધી નહી શાંત થાનારો. ગયો૦
જુલમ છે પાપીએ કીધો ઠગાઇથી,
બચી એ તો હવે છે કેમ જાનારો ! ગયો૦

વારાંગનાઓ— ૩૧

ભૂપાલ જયજયકારી. હોજી છો શૂરવીર ભારી. ભૂ૦
મિત્રના કામને માટે લીધી છે લશ્કરની સરદારી. હોજી૦
લેવા જીતી ભૂમિ મિત્રની પાછી દુશ્મન સઘળા મારી. હોજી૦

૩૨

બારાંગનાઓ—

પહેરો ભાન ધરી (૨) આવે નિદ્રા શાંતિ ભરી. પ૦
રાજ્યતણી ખટપટને ચિંતા મનથી કરીને દૂર.
શાંતિ સાથે આનંદથી પહોડો આપ હજુર પ૦
ધીમે ઉડી જાતી રાત્રી બહુ સુખદાયક થાજો,
ફેલાતી ફુલતણી સુગંધી પવન ધીમેથી વાજો. પ૦

૩૩

કમળા—

હરી હાય અહીં મારૂં હવે શું થશેરે.
પડી પાડામાં આવી હું ફરી અહીં. હરી૦
ડુબાં મરી નહીં હું તો પાણીમાંરે,
ખાધી નહીં જળચરે કયાંહીં. હ૦
જનમી છું હું તો પીડા પામવારે,
ભોગવ્યા વિના કદી નહીં છુટાય. હ૦

૩૪

ચાંચીઓ—એમ તું ડર કાં? દયા ન ધરકાં? દુઃખથી ફર કાં? મુજ પ્યારી!

કમળા—થા તું નીડર કાં? પાપ તું ભર કાં? રાખ નજર કાં? પરનારી!

ચાંચીઓ—નહી પરનારી; છો, મુજ પ્યારી, જાણી નારી! બલીહારી!

કમળા—મૂર્ખ ધિકારો બોલ વિચારી થાશે ખુવારી બહુ તારી.

ચાંચીઓ—સૂરત છે કેવી મારી!

કમળા—અક્કલ ગદ્ધાસમ તારી.

ચાંચીઓ—ગધ્ધો પણ તારો પ્યારો.

કમળા—બોલ નહીં કહું છે. વારી.

ચાંચીઓ—એક દેવું ચુમી પ્યારી પછી નહીં બોલું કંઇ આપીશ તને હું મારી સરદારી.

કમળા—લે બે ચુમા પ્હેલી.

ચાંચીઓ—અરે હળવેથી ઘેલી. નાના પ્રેમથી ભરેલી પ્યારી ઠીક મારી.

કમળા—કર નહીં મુરખ નાદાની.

ચાંચીઓ—મૂરખ છું પણ જા માની.

કમળા—છોડ હજી તુજ હેવાની.
સાંચીઓ- છો મુજ સાથે રહેવાની ?
કમળા—જાઇસ તું ચ્હેમાં.
સાંચીઓ—હય ! એવું પ્યારા કહેમાં તું, લ્હેર કરવી છે મારે સાથે તારી.
કમળા—આમ કેમ કહે તું તે ? છૂટ વધુ લહેતું ! રે પાપી દૂર રહે તું એ અવિચારી.
સાંચીઓ— ૩૫
સે કોણ બીજો હું જેવો રૂપાળો ? પૈહા હકમ માન ને જોરવાળો.
કર નાતરૂં તું હવે મારી હાથે થ મારી વ્હાલી હું થાઉં તારો વ્હાલો
કહાડી મુકીહ હું એ મારી હુરાંને થાઊં તારો પાહેહું ખૂબ ઘેલો કાલો.
કનક— ૩૬
રે હાય હાય ! કર્યા જઊં કરૂં શું હવે ?
બધાંથકી છૂટો પડી ફરૂં શું હું હવે ? રે૦
ઓ માવડી હશે થયું શું તાહરૂં, તહીં ?
નહીં ફરી નિહાળું સુખ તુજ શું હું હવે ! રે૦
બ્હેની છોડી તને વને ગયો ખોરાકમાટ,
ખોઇ બેઠો તે મેળવીશ નહીં શું હું હવે ? રે૦
થયું હશે શું તાહરૂં સૂઝે નહીં મને.
નહીં કરી શકું સુખી ફરી શું હું હવે ? રે૦
સાધુઓ— ૩૭
તુંહીં શીવ તુંહીં શીવ પ્યારે.
દાસ તિંહારે શરણુ પનારે તુજ પદસેવ હમારે. તુંહીં
તું વિશ્વંભર તાત દયાલુ અઓર માયાલુ ભારે !
તુજ સરદારી હમકો પ્યારી દુઃખ હરનારી તારે !
ફુલ ફુલવારી સારે. તુંહીં૦
હરદમ યાદી કરતે તેરી હમ મન સુમરન ધરતે તેરી
નિસદિન ભક્તિ ભરતે તેરી દિલસે માલ સમરતે તેરી૦ તું૦
ગુરૂ— ૩૮
મોહ જાલકી જુઠી માયા મિટ્ટી કાયા નજર કર દેખ,
આપ હી આપ તું મત જા પ્યારે ગાર સિહેમે ઉતકર દેખ,

જગ દરીયામે મત ખા ગોથે ખુશી જો અપની તરકર દેખ,
ગુરૂ જ્ઞાનકા પ્યાલા ઉસકો રખ તુંબા તું કમરપર દેખ.
નીતી ન્યાયપર ચલાગ્ન પ્યારે અનીતી દિલમેં ભરકર દેખ.
સ્વર્ગ નર્ક સાથ આગે તેરે ખુશી જો અપની મરકર દેખ.
શંકરકે પરતાપસેં પ્યારે મિલે ભેદ જો ડરકર દેખ.
સચ્ચા વો મહારાજ સદાશીવ સુમરન દિલમેં ધરકર દેખ.

કલાક—　　　　૩૯

આવ્યો હું મહારાજ શરણ આપને હું આજ રાખો લાજ.
લાવ્યો ખુની વનમાં તરકબાજ સાઠ સાજ રાજ તાજ લેઇ આજ
ધરી દાઝ મૃત્યુકાજ અમો ગહેન ભાઇનાજ.
પ્રાણદાન દીધું ઇશ. પડ્યો એકલો હું શીરતાજ. આવ્યો૦

સાકીઓ—　　　　૪૦

સુલભ સબરે ચલ જાઓ અબ સુંદર પ્યારે.
તુજ હો મારગ સુખદાઇ એ આશીષ હમને સુનાઇ
સુખદ હો અબરે　　　　ચલ૦
ગુરૂ સુમરનમેં ધ્યાન ધર સફલ હો તેરા કામ.
નીતી ન્યાયપર રહેનેસેં પાવે સુખ આરામ સુલ૦
કભુ આન પડીજ તબાઇ કે બિપત કછુ બન આઇ
ધીરજ ધર તબરે. ચલ૦
ભજન બખત નહીં ચુકતાં રહેના ખુબ હોંશીયાર
સચ્ચા માલીક શંભુ સદાશિવ રખ ઉસપે આધાર. સુલ૦

કમળા—　　　　૪૧

હવે છેક બની લાચાર.
આ ભવમાં મુજપર વીત્યાં દુઃખ અપાર. હાય—હાય—હાય. હવે૦
પ્રાણપતી સ્વર્ગે ગયા, હું પડી પાપીને હાથ
પડી દરીઆમાં ત્યાંથીએ બચાવી ત્રિભુવન નાથ
ફરી કેદ ચાંચીએ કીધો નીચ વિચાર　હાય—હાય—હાય. હવે૦
લાજ રાખી ત્યાં પણ પ્રભૂ તેં તોડી કપટી જાળ,
વનમાં રખડું એકલી ખોઈ બન્ને બાળ.
એ બાળ વિના મુજ જશે પ્રાણ નિરધાર. હાય—હાય—હાય હવે૦

તારા— ૪૨

પછી કસાઇ હાય રે હું પાપીને હાથે.
નહીં ફરીથી મળાય માને ભાઇની સાથે.
ખાવું પીવું ખેલવું આનંદેથી રોજ
બળતું અંતર દાબીને કરવી પરાણે મોજરે. હું૦
દાસ દાસી છે ઘણાં મળે મોં માગ્યું સુખ
ઓછું પણ જરિ થાય નહીં આ અંતર કેરૂં દુઃખરે. હું૦

તારા— ૪૩

માજી બહુ દુઃખદ [illegible]
કહું શું તમકને ! કયારે મળુ હું સર્વને ? માજી૦
માત ભ્રાત સર્વથી હું છૂટી પડી હાય-હાય હાય.
ધીરજ મન લગાર ન વિચાર કરૂં અપાર, વિણુ સુમાર દુઃખનો ભાર
પડે અરે મુજ ઉપર, પ્યાર કરી કોણુ સાર લહેજ આવાર ?
હું છુ નિરાધાર.
મન છૂટવાનું માજી થાય, બહુ બહુ અકળાય ન જડે કાંઇ ઉપાય રે
જીવ પછી ગભરાય, મરૂં મરૂં મન થાય, પણ જીવ ન જાય.
ન્યારા મારા પ્યારા ભાઇ, માને ન મળાય. માજી૦

કચ્છી— ૪૪

ઓ બાવા મેઘાનસા ગુંચીઆરીવારા જોને ચોખો ચટ થીવીયો.
ચોખો ચટ થીવીયો લાલી વારે લટકે મોઇ રીયો બાવો૦
વાસોજો તોડા બાવેજો સે ભીખવાજી વીયો૦ બાવો૦
છડું ન હીનકે વીજે જીવ પાંઝો એડો મનમેં થીઓ. બાવો૦

મારવાડી— ૪૫

મું તો મારવાડરો બણીયો રે મુંબઇ શેરસું આયો.
મારવાડસેં નીકસ્યો જબ તો પાઉંમેં નહીં થો જૂતો.
ઘાસલેટરી ફેરી કરરે પીંજરાપોળમેં સૂતો મુ૦
વ્યાજબટારો ધંધો કરરે પૈસા પોંચ કમાયો,
આધી આધી જમે કરીને લાડીજીરે લાયો. મુ૦

ભૈયા— ૪૬

હમ બરે સીપાઇકે લરકે.
મખ્ખી મારૂં પંખ ઉખારૂં તોડૂં કચ્ચા સૂત,
સો ગુસ્સેસે પથ્થર તોડૂં, મયેં ભી સીપાઇ રજપૂત. ભલા હમ૦

બડી દેરસેં સોકર ઊઠે રસોઇ ફેર બનાય,
ગંગાકો સંગલે ખુશીસે ભોજન અચ્છા પાય. ભલા હમ૦

આશો— ૪૭

મદખપે યાર પસાદે રીલે બલ બશર ચે રેંદા.
ખલાહી જમાપેં બલ જાણીં જમા દિસબર ચે રેંદા,
રહે ગુજરાત કપે ગુજરાત કાસ્મીર ઊતરા જવાબ
બાણે ખુરબંદ વો બુંદેલ સાથ ચમલા પખનાર ચેતવા.
વતનચે ખુબ દે વતન યાર તસવ્વર તેરા. બ૦

ભરવાડ— ૪૮

ઝાંપે તારી ઝુંપડી ઘાયેલ ઝાંપે તારી ઝુંપડી લ્યા.
આવતાં જાતાંનો નેડો લાગ્યો રે ભરવાડીયા.
તારી મારી દોહતી ઘાયેલ તારી મારી દોહતી લ્યા.
દોહતીના દાવે હાલ્યો આવજેરે ભરવાડીયા.
ફરીયામાં સે લીમડો ઘાયેલ ફરીયામાં સે લીમડો લ્યા.
લીમડે સહીને મેલ્યું મારમાં રે ભરવાડીયા.

પ્રધાન (વિજયનો)— ૪૯

દુઃખી છે રાયવિના બહુ વસ્તી સત્તાવિણુ રહેવાય નહીં રે. દુઃખી૦
ખાલી પડેલી જોઇ ગાદી, રાય થવાનું ચિત્ત ચહીરે,
સગા રાયના કરતા ખટપટ હક ન છતાં પણુ લોભ ગૃહીરે, દુઃખી૦
રાય વિનાની સુની ગાદી ભય ઉપજાવે મિત્રમહીરે,
શત્રુ મન આનંદ ન માયે સત્તા સઘળી જાય વહીરે. દુઃખી૦

કનક— ૫૦

કહું શું બધી હાલત આજ ખરી
મુજની અતીશે દુઃખથીજ ભરી ક૦
મુજ માત ભુમી પ્રિય તાત હરી,
વળી નિર્મળ માણુસ જાત ઠરી. ક૦
વસું દેશ વિદેશ વિષે હું ફરી,
નથી અંતર કોઇની બ્હીક જરી ક૦

વારાંગનાંઓ— ૫૧

પ્રભુ તારી ગતી ન કળાય જરી દયા પૂર્ણ ભરી પ્રભુ તારી.
ભુપતી કનકની રક્ષા કરી તેં આપ્યું સુખ અમી દ્રષ્ટી કરી. પ્ર૦
રાય વિજયસિંહને પણુ પ્રભુજી મેળવજે સુખી રાખી ફરી. પ્ર૦
આજ દિવસ છે આાત આનંદી વરે પ્રજા આનંદે ભરી. પ્ર૦

અંક ૩ જો.

લુટારાઓ— **પર**

આવો તમે લેવા આરામ યાર, આપણે લુટારામાં હુશીઆર.
અમરબંદીને મારીને માર મારીને માર પાડીએ આપણી મુરાદ પાર.
સામો થાયે જેહ ગમાર ઝાઝો થાયે એહ ખુવાર
આપણી સત્તાને જન જેહ નહીં જાણે
પછીથી તે પસ્તાઇ અપાર આવે શરણુ બની લાચાર.
ગમગીન બહુ દીન પદમહીં લીન સાચ તોય
નહીં તે સુખી થનાર.

વિજયસિંહ - **પ૩**

અંતર નહીં સમજ પડે.
નથીજ માર્ગ જારી આડચ ભારી નથી બારી.
નિરખી નિરખી હઠી જાઊં ફાવે નહીં કારી. અંત૦
હું છતાં આ ખૂન થશે શું આ સ્થળ મંદિર અંદર !
ન અનાથ પ્રાણહાણ થતી અટકાવીશ ફાવિશ ?
ભેદમહીં નથી પહોંચતી મતી મારી. અંતર૦

તારા— **પ૪**

થા માંરે ક્રૂર અતી.
ક્રૂર મતી મન નહીં ધર તું, દયા જરી કર તું. થા૦
છોડ છોડ મુજને આ વેળા વંદુ તારે ચરણે હું૦
ફળ નથી તુજને, હણુ નહીં મુજને રે ! આમ તું કરના
બ્હીક કુવામાં પડતાં લાગે.
અંધારે ઊતરવું વિના મ્હોતે મરવું. થા૦

વિજયસિંહ— **પપ**

નહીં નહી પહોંચી શકાય.
નહીં પાપીથી અનાથ છોડવી શકાય.
હાય હાયરે ગજબ ! થાય થાયરે ગજબ ! નહીં૦
ધડક ધડક મુજ હૃદયજ ધડકે, થરર થરર જીવ કંપે છે. હાય૦

તારા—

૫૬

અંતે મ્હોત આ રીતે થશે શું ? હાય !
આશા ભરપુર જીવ જશે શું ? હાય !
જન્મી ફોકટ પૃથ્વી વિષે શુ ? હાય !
મળ્યાં મુજને નહીં મા ને ભાઇ,
પડી આ પાપીને હાથે ફસાઇ.
મારે ક્રૂર થઇ આ કસાઇ. હાય માતા ! હાય પોતા,
મરે તમારી પ્યારી પુત્રી. હાય ! ગજબ ! થાય ગજબ હાય !

૫૭

તારા—લે પાપી હવે જીવ મારો રાજી થઇ.
 છું હું તૈયાર વાર હવે તું કર નહીં.
લુટારો—સાબાશ છે તને હવે તું સમજી ગઇ.
 માતાજી થાશે રાજી ભોગ તારો લઇ,
તારા—જુકું સાવ.
લુટારો—ચૂપ ચૂપ.
તારા—ખાને લાવ.
લુટારો—ચુપ ચુપ.
તારા—થનારો છે નઠારો બનાવ.
લુટારો—ચુપ ચુપ ચુપ.
 આપું ભોગ
વિજયસિંહ—શીત શીત.
લુટારો—લેવા જોગ.
વિજય—શીત શીત.
લુટારો—લેજો માજી છે નહીં અયોગ્ય
વિજય—શીત શીત શીત.

લુટારો—

૫૮

તમે મંદીર અંદર છો રહેનારાં, તમે સુંદર દારૂનાં પીનારાં
તુમે સુંદર ભોગોનાં લેનારાં, મ તાજી રે.
માતાજી ભોગ લ્યો. માતાજી ભોગ લ્યો. માતાજી.

તારા— ૫૯

કહું શું હું મુજ વૃત્તાંત પિતા સમ પ્યારા !
નથી રહી સીમા કંઇ પિતા દુઃખની મારા.
મુજ પિતા હતા ભૂપાળ શૂરવીર સારા;
મુજ કાકાએ કરી કપટ તેમને માર્યા.
મુજ માતાને કરી કેદ કરે દુઃખધારા;
ખૂન કરવા માટે કર્યાં અમોને ન્યારાં.
અમો બ્હેન ભાઇને ખુનીએ વને ઉગાર્યાં;
લાવ્યા ઉપાડી મને અહીં લુટારા.
છે ઉદયસિંહ મહારાજ પિતાજી મારા;
મુજ ભાઇ કનકથી છૂટી પડી હું તારા.

વિજયસિંહ— ૬૦

પ્રાણથી અધીક પ્યારી પુત્રી રે હો તારા વ્હાલી હો ! ભલા૦
અરે હાંહાં પુત્રી મારી છો તું શાણીરે. પ્રાણ૦
જાણું છું હું રાહ બધો મંદિર કેરી હો જે છાની.
છે કળ સકળ જડી. હો ભલા૦
લુટારા ચોકીતણા કીધા છે મેં ઠાર.
માટે નિર્ભય બ્હેન થા જઇએ અહીંથી બહાર પ્રા૦

કમળા— ૬૧

હશે કયાં એ બાળ મારાં પ્રાણથી અધીક પ્યારાં.
હાલ શા હશે તમારા જાણું હવે ક્યાં જાઉં ?
હશે પાપીએ શું માર્યા ? હશે અથવા ઉગાર્યાં !
ના ના ઝેરથી ઉતાર્યા, રાખું હવે ક્યાં જાઉં ! હશે૦
રૂંવે રૂંવા ઉભાં થાયે કંપારી છૂટે છે કાયે,
હાય છાતી ફાટી જાયે ઠરું હવે ક્યાં જાઉં ! હશે !

કાંચન— ૬૨

મુજ માવડી ગઇ મને છોડીને આ સંસાર
તે હાનથી દશા મારી થઇ બહુ દુઃખકાર
આસમાન માનો હાય મુજપર છે ન કોઇ પ્યાર,
આહા મરી જતાં મને લાગે છે દુઃખ અપાર.

.તા હાય ! કોઇ બાળની નીરધાર.
.રતાં બાળ થઇ જાયે નીરાધાર.

૬૩

છે આ શી મુજતણી દશા ઓ હરી હરી !
! હ્લારી વગર અપરાધે હું જ ઠરી.
છે શું બાકી દુઃખ હજી પડે છે ફરી ફરી ?
.હીં મારી નાંખી, હરી શીદ ફજેતી મુજ કરી !

૬૪

બની છું બહુ દુખીયારી, છે હાલત ખરાબ મારી.
ઉદય મહારાજને માર્યા કપટ કરી ભાઇએ તેના
કર્યા સ તાન ને રાણી કપટીએ કેદ પણ એનાં
જુલમ રાણી ઉપર કરતાં વિચાર્યું કાંઇ વળશે ના
બતાવ્યા બ્હીક કીધાં ખૂન પુત્રી પુત્ર બન્નેનાં.
દરીયામાં જન પડી નારી છે.
બચાવી ચાંચીએ ત્યાંથી કરી દષ્ટી બુરી પાપી,
છુટી વળી રામસીંહજીએ ભિ ારી વાઘને કાપી,
ઠરાવી આંહી પણ નિર્દોષ સહુએ ન્યાયને માપી.
જઇશ સ્વર્ગે કનક—તારા વિના મુજ પ્રાણ હું આપી.
નથી જીંદ ાની આ પ્યારી. છે૦

કનક—

૬૫

ઠાર ઠાર મારૂં ઠાર એ પાપીને તો નીરધાર,
લઊંછું હુ સોગન આ વાર મ્યાન થશે તલવાર.
ઓ બહાદૂર સરદાર ! થાઓ હવે તૈયાર.
મારો માર કરો પાર દુશ્મનને સઘળા

તારા—

૬૬

મળું હુ .. જ્યારે બહુ પ્રેમેથી ભરી
બહુ આતુરતા છે અંતરે મારે ખરી
નિહ ળું માતનું ક્યારે મુખ હું આંખે ભરી !
દબાવે છાતી સાથે માડી પાછા આંખે ભરી.
જાણીને વાત વીતેલી બની દુઃખેથી ભરી,
' માત કરે ચુંબને રહેમેથી ભરી.

વિજયસિંહ— ૬૭

જો આપણે પુર વિષે હમણાંજ આવ્યાં
ત્યાં ઇશ્વરે વચન હર્ષતણાં શણાવ્યાં
લાગેછ તેથી કંઇ અંતરમાંહી મારા
આ રાજ્ય આજ જીતશે તુજ ભાઇ તારા.

કનક તથા લશ્કર — ૬૮

સહુ શરવીર નર થઇને તત્પર લઇ લડવાનો સામાન,
ચાલો બહાદુર ચળકાવો નુર મારી દુશ્મન નાદાન,
લો પ્રાણ સઘળા શત્રુનાં પુની ચાર ત્યારે ઇચ્છા,
સમશેર ખંજર પિંજરમાં શર નીડર ભોંકી લો જાન. સ.

કનક— ૬૯

થયો આપનો બહુ આભારી કાકા હું થયો૦
કીધા અમપર ઉપકારો ભારીરે થયો૦
બ્હેનને બચાવી લીધી, સહાય અમારી કીધી.
જીતનાની સેના છે તમારીરે. થયો૦
માતાજી હું પાયે વંદુ બ્હેનોને મળી આનંદું
થઇ છે પ્રભુની કૃપા સારીરે થયો૦

તારા— ૭૦

પ્યારા ભાઇ વધાવુંરે.
સુંદર હરા ફુલનાં નાખી હું બે આવી આજ. પ્યારા૦
પ્રભુ સ્નાન ગાવું કરવું પાપોનું દમાન
આનંદાવુંરે — આનંદાવું. સું૦

૭૧

વિજય— પાપ ન જીતે કર બહુ દિને બહુ બહુ વીને ઘર ઘર ધ્યા
કનક— કપટ તજીને રસ રજીને કંઇ નમજીને કર કર છે નિ૦
તારા— ફેર નહીં જાણી થઇ આવનારી થઇ ખુવારી ધ્યાન.
કમળા— જોર નઠારે અવગુણ તજરે હાર ... ધ્યાન.
તારા— થયો વિજય ખરે. ગુણ તણો પુરો
કમળા— સદ્‌ગુણ સહુ ધરો નહીં કદા કરો.
કનક— દુઃખો પ્રભુ હરો, સહાયતા કરો.
બધા— જય કનકસેનનો વિજય હું ઘર ઘર ધ્યાન. વિ૦

સમાપ્ત.